# સ્નેહા ફાઉન્ડેશન

A Dream for Everyone
SNEHA FOUNDATION

ટ્રસ્ટ રજી. નં. એફ/૨૮૬૭ (ભાવનગર) સોસાયટી રજી. નં. ગુજરાત/૨૯૪૫/ભાવનગર

## ઓક્ટોબર-૨૦૨૫

## દિવાળી નિમિત્તે સંસ્થાના બાળકોને મીઠાઈ વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

**સ્નેહા ફાઉન્ડેશન** દ્વારા **દિવાળી**ના પાવન અવસરે **દીપોત્સવ કાર્યક્રમ**નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આર્થિક રીતે પછાત અને તકવંચિત **૬૦૦**થી વધુ બાળમિત્રોને પ્રેમપૂર્વક **મીઠાઈ** અને **ફરસાણ**નું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ માત્ર વિતરણ નહીં, પરંતુ દરેક બાળકના ચહેરા પર સ્મિત અને દિલમાં આશાનો દીવો પ્રગટાવવાનો પ્રયત્ન હતો. બાળકોને પ્રોત્સાહિત કરીને ઉજવણીમાં જોડવાનું આ ઉપક્રમ સૌજન્ય, સેવા અને સંવેદનાની સુંદર મિશાલ રજુ કરે છે.








સ્થળ

પ્લોટ નં. ૨૦૩-એ, સુર્યાવાળો ચોક, આનંદનગર વિમાના દવાખાના સામેનો ખાંચો, ખેડુતવાસ, ભાવનગર - ૩૬૪ ૦૦૫ (ગુજરાત)

snehafoundation1709@gmail.com ૯૩૨૮૨૮૩૨૮૧ Snehafoundation Trust

www.snehafoundation.co.in Snehafoundation Trust Snehafoundation Trust

આ કાર્યક્રમમાં શ્રી હિમેશભાઈ ત્રિવેદી, ડૉ. હાર્દિકભાઈ ખત્રી, ડૉ. શિલ્પાબેન દોશી, એમ. જે. ચાવડાસાહેબ, શ્રી મિહિરભાઈ મીણચાર, શ્રી નિતિનભાઈ ઉપાધ્યાય, શ્રી ભાસ્કરભાઈ જોશી, શ્રી શોભિતભાઈ ભટ્ટ વિગેરે મહાનુભાવો ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહિત કર્યા તે બદલ તેમનો પણ સ્નેહા ફાઉન્ડેશન પરિવાર હ્રદયથી આભાર વ્યકત કરે છે.

દાતાશ્રીઓ, સેવાભાવી મિત્રો અને સ્નેહા ફાઉન્ડેશન પરિવારમાં જોડાયેલા દરેક વ્યકિતઓનો હ્રદયથી આભાર. જેમણે આ દીપોત્સવને સાચા અર્થમાં પ્રકાશમય બનાવ્યો.
















# લર્નિંગ સેન્ટર

સ્નેહા ફાઉન્ડેશન સંસ્થાના **લર્નિંગ સેન્ટર** અંતર્ગત ધોરણ **૧** થી **૯**ના બાળકોની **અર્ધવાર્ષિક પરીક્ષા** લેવામાં આવી હતી. આ પરિક્ષાનો મુખ્ય ઉદ્દેશ બાળકોના અત્યાર સુધીના અભ્યાસનું મુલ્યાંકન કરવાનો હતો. બાળકોએ પરીક્ષામાં વર્ષના પ્રથમ સત્રમાં શીખેલા જ્ઞાનને આત્મવિશ્વાસ પૂર્વક રજુ કર્યું હતું.

શિક્ષકોએ પરીક્ષા દરમિયાન બાળકોને માર્ગદર્શન આપ્યું અને તેમને સમયનું યોગ્ય આયોજન કરીને જવાબ આપવા પ્રોત્સાહિત કર્યા હતાં. આ અર્ધવાર્ષિક પરીક્ષા દ્વારા બાળકોમાં અભ્યાસ પ્રત્યે ગંભીરતા, નિયમિતતા અને જવાબદારીની ભાવના વિકસાવવામાં મદદ મળી હતી. પરીક્ષાના પરિણામોના આધારે સંસ્થા દરેક બાળકના શૈક્ષણિક સ્તરનું નિરીક્ષણ કરીને આગળના અભ્યાસ માટે જરૂરી માર્ગદર્શન આપવામાં આવશે, જેથી બાળકોના સર્વાંગી વિકાસમાં સતત પ્રગતિ થતી જાણવામાં આવે.




# એન. પી. મહેતા પ્રાથમિક શાળાનો અહેવાલ

સ્નેહા ફાઉન્ડેશન સંસ્થા સંચાલિત એન. પી. મહેતા પ્રાથમિક શાળામાં નૈમિષારણ્ય શાળાના બાળકો દ્વારા ‘જૉય ઓફ ગીવિંગ’ કાર્યક્રમ, શાળામાં સત્રાંત પરિક્ષા જેમાં બાલમંદિર થી ધોરણ-૫ના બાળકોની પરીક્ષા લેવામાં આવી હતી. દિવાળી નિમિત્તે મિઠાઈ-ફરસાણ વિતરણ જેવા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

‘જૉય ઓફ ગીવિંગ’ના કાર્યક્રમના ભાગરૂપે નૈમિષારણ્ય શાળાના બાળકો દ્વારા એન. પી. મહેતા પ્રાથમિક શાળાના બાલમંદિરના બાળકોને સ્ટેશનરી અને કપડાં આપવામાં આવ્યા હતાં. આ સાથે બાલમંદિરના બાળકોને અલગ-અલગ પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી. ટૉય લાઈબ્રેરી દ્વારા પણ બાળકોને રમતો રમાડીને જ્ઞાન આપવામાં આવ્યું હતું.

# સર્વાંગી વિકાસલક્ષી પ્રવૃત્તિ

## ગાંધી જયંતિની ઉજવણી

તારીખ ૦૨ ઓકટોબર ૨૦૨૫ના રોજ સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં મહાત્મા ગાંધીજીની જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બાળકોને ગાંધીજીના જીવન વિશે સમજાવવામાં આવ્યું હતું અને તેમના સચ્ચાઈ, અહિંસા અને સ્વચ્છતાના સંદેશો સમજાવવામાં આવ્યા હતાં.

આ ઉપરાંત ગાંધીજી કેવી રીતે દેશ માટે લડયા અને કેવી રીતે દેશને આઝાદી મળી, તે વિશે પણ બાળકોને માહિતી આપાવમાં આવી જે બાળકોએ ખુબ રસપૂર્વક સાંભળ્યું હતું.

આ ઉજવણીનો મુખ્ય હેતું બાળકોમાં સ્વચ્છતા, સત્યતા અને અહિંસાજેવા વિચારો લાવવાનો હતો.





## બેંક વિશે માહિતી

તારીખ ૦૮ ઓકટોબર ૨૦૨૫ના રોજ સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં સર્વાંગી વિકાસલક્ષી પ્રવૃતિ અંતર્ગત બાળકો માટે બેંક સંબંધિત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન બાળકોને બેંક શું છે? તેનું દૈનિક જીવનમાં શું મહત્ત્વ છે, તેમજ પૈસા સુરક્ષિત રીતે રાખવા માટે બેંક કેવી રીતે મદદરૂપ બને છે તેની વિગતવાર સમજ આપવામાં આવી હતી.

બાળકોને સેવિંગ અકાઉન્ટ, પાસબુક, એ. ટી. એમ., ડેબિટ કાર્ડ વગેરે વિષયોમાં પણ માહિતી આપવામાં આવી હતી. શિક્ષકોએ બાળકોને બતાવ્યું કે જ્યારે કોઈને પૈસાની જરૂર પડે ત્યારે બેંકમાંથી પૈસા ઉપાડવા માટેનું ફોર્મ કેવી રીતે ભરવું અને તે દરમિયાન કઈ કઈ વિગતો આપવી જરૂરી હોય છે વગેરે જણાવ્યું હતું.

બાળકોએ ખુબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને અનેક પ્રશ્નો પુછીને તેમની જિજ્ઞાસા સંતોષી હતી. કાર્યક્રમનો હેતું બાળકોમાં નાણાકીય જાગૃતિ વધારવાનો, સ્વાવલંબન વિકસાવવાનો અને ભવિષ્યમાં જવાબદાર નાગરિક તરીકે જીવન જીવવાની પ્રેરણા આપવાનો હતો.





## • હસ્તકલા શિખવવામાં આવી હતી.

તારીખ ૧૩ ઓકટોબર ૨૦૨૫ના રોજ સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં સર્વાંગી વિકાસલક્ષી પ્રવૃતિ અંતર્ગત દિવાળી પર્વ નિમિત્તે બાળકો માટે વિશેષ હસ્તકલા પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બાળકોને પોતાની સર્જનાત્મકતા પ્રદર્શિત કરવાની તક મળી હતી. બાળકો દ્વારા વિવિધ પ્રકારની સુશોભનની વસ્તુઓ જેમ કે રંગબેરંગી દીવા શણગાર, તોરણ, ફુલમાળાઓ, કાગળના લેમ્પ, દિવાળી કાર્ડ વિગેરે બનાવવામાં આવ્યા હતાં.

શિક્ષકોએ બાળકોને માર્ગદર્શન આપ્યું કે કેવી રીતે ઘરેલું અને પર્યાવરણની સામગ્રીનો ઉપયોગ કરીને સુંદર શણગારની વસ્તુઓ બનાવી શકાય. જેમાં તમામ બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને પોતાના હાથે બનાવેલી વસ્તુઓ પ્રદર્શિત કરી હતી. આ પ્રવૃત્તિ દ્વારા બાળકોમાં સર્જનાત્મકતા, એકાગ્રતા, સહકારની ભાવના તેમજ પરંપરાગત તહેવારો પ્રત્યેનો આદર વિકસ્યો હતો.







# તહેવારોની ઉજવણી

## ● નવરાત્રી પર્વ નિમિત્તે શણગાર

તારીખ ૦૧ ઓકટોબર ૨૦૨૫ના રોજ સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં નવરાત્રીના પાવન અવસરે નાની દીકરીઓ માટે વિશેષ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે દીકરીઓને પરંપરાગત વસ્ત્રો, સુંદર શૃંગાર સામગ્રી આપવામાં આવી હતી.

શણગાર મળતાં જ દીકરીઓના ચહેરા પર જે નિખાર અને ખુશી જોવા મળી, તે ખુબ જ અદભુત અને અવરણીય હતી. તેમના ચહેરા પર ઉજાસ અને આંખોમાં આનંદ ઝલકાતો હતો. સ્નેહા ફાઉન્ડેશન સતત પ્રયાસશીલ છે કે દરેક દીકરીને પ્રેમ, સન્માન અને ઉત્સવના પળો પ્રાપ્ત થાય.

આ પાવન અવસરે દીકરીઓના આનંદથી ભરેલા મન અને ચમકતા ચહેરાઓએ સમગ્ર વાતાવરણને પવિત્રતા અને આનંદથી કરી દીધું હતું.




## ● દશેરા પર્વની ઉજવણી

તારીખ ૦૨ ઓકટોબર ૨૦૨૫ના રોજ સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં દશેરાની ઉજવણી ખુબ જ ઉત્સાહભેર કરવામાં આવી હતી. દશેરાને વિજયાદશમી પણ કહેવામાં આવે છે, તે ભારતનો એક મહત્ત્વપૂર્ણ તહેવાર છે. આ તહેવાર સદાચારી અને દુષ્ટતા પરની જીત દર્શાવે છે.

આ સાથે બાળકોને દશેરાના મહત્ત્વ વિશે સરળ ભાષામાં સમજાવવામાં આવ્યું હતું. શિક્ષકોએ બાળકોને જણાવ્યું કે ભગવાન રામે દુષ્ટ રાવણનો નાશ કરીને સત્ય અને ન્યાયની જીત કેવી રીતે બતાવી અને તે જ સંદેશ દશેરા આપે છે. આ માહિતી દ્વારા બાળકો ખુબ જ ખુશ થયા અને તેમને નૈતિક મૂલ્યો તથા ભારતીય સંસ્કૃતી વિશેની માીહતી મળી હતી.




## દિવાળી પર્વ નિમિત્તે બાળકોને ફટાકડા વિતરણ


દિવાળીના અવસરે ભાવનગરના યુવા રાજવી માનનીય યુવરાજસાહેબ શ્રી જયવીરરાજસિંહજી તથા તેમના ધર્મપત્નિ દ્વારા સ્નેહા ફાઉન્ડેશન સંસ્થાની મુલાકાત લઈ બાળકોને ફટાકડાની ભેટ આપી આનંદિત કર્યા હતાં.

આ અવસરે બાળકોમાં મલકાટ, ઉત્સાહ અને તેજસ્વી આનંદ જોવા મળ્યો હતો. તેમનો ખુશખુશાલ માહોલ સમગ્ર કાર્યક્રમને દિવાળીના સાચા ઉજાસથી ભરી ગયો હતો.

સ્નેહા ફાઉન્ડેશન તેમના આ આત્મિય સ્નેહ, સમય અને સહકાર માટે હૃદયપૂર્વક આભાર વ્યકત કરે છે.





## તરૂણાવસ્થા

સ્નેહા ફાઉન્ડેશન સંસ્થા દ્વારા કાર્યરત તરૂણાવસ્થા પ્રોજેકટ અંતર્ગત ડૉ. હાર્દિકભાઈ ખત્રી દ્વારા કુલ ૧૩૮ દિકરીઓને સેનેટરી પેડ્સનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રોજેકટના નિયમિત કાર્યથી આજે સંસ્થા સાથે જોડાયેલ તમામ દિકરીઓ પેડ્સનો ઉપયોગ કરતી થઈ જેના કારણે સ્ત્રીઓમાં થતાં રોગોનું પ્રમાણ ઘટયું અને દિકરીઓમાં જાગૃતતા આવી હતી.

# માં અન્નપૂર્ણા યોજના

દિવાળી પર્વ નિમિત્તે આર્થિક રીતે જરૂરિયાતમંદ પરિવારો ઉત્સાહ પૂર્વક દિવાળી મનાવી શકે તેવા હેતુંથી માં અન્નપૂર્ણા પ્રોજેકટ અંતર્ગત તારીખ ૨૮ ઓકટોબર ૨૦૨૫ના રોજ સ્વાશ્રય ફાઉન્ડેશન અને લાયન્સ કલબના સહયોગથી સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં અભ્યાસ કરતાં અતિ જરૂરિયાતમંદ ૨૫૧ પરિવારોને રાશન કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.








# બાળકો માટેની અન્ય પ્રવૃત્તિઓ

સંસ્થા દ્વારા જરૂરિયાતમંદ બાળકોને શિક્ષણ આપવાની સાથે સાથે જીવન જરૂરિયાતની વસ્તુનું વિતરણ પણ કરવામાં આવે છે.

➤ વર્ષ ૨૦૨૫ના ઓકટોબર મહિનામાં બાળકોને આહારના વિતરણની યાદી અને દાતાશ્રીઓના નામ નીચે મુજબ છે.

| ક્રમ | પ્રસંગનું નામ | બાળકોની સંખ્યા | | | દાત્તાશ્રી નું નામ |
|---|---|---|---|---|---|
| | | M | F | T | |
| ૧. | સંસ્થાના બાળકોને સહખુશાલી પૌષ્ટિક આહાર આપવામાં આવ્યો હતો. | ૬૬ | ૬૪ | ૧૩૦ | શ્રી ભાવનાબેન મહેતા |
| ૨. | શ્રી નિત્યરાજ જાડેજાના જન્મ દિવસ નિમિત્તે સંસ્થાના બાળકોને પૌષ્ટિક આહાર આપવામાં આવ્યો હતો. | ૨૨૬ | ૨૨૩ | ૪૪૯ | શ્રી પ્રતિપાલસિંહ જાડેજા |
| ૩. | સંસ્થાના બાળકોને દશેરા નિમિત્તે પૌષ્ટિક આહાર આપવામાં આવ્યો હતો. | ૨૨૮ | ૨૨૫ | ૪૫૩ | શ્રી સેવા સત્કાર્ય ગ્રુપ |
| ૪. | સંસ્થાના બાળકોને સહખુશાલી પૌષ્ટિક આહાર આપવામાં આવ્યો હતો. | ૬૬ | ૬૪ | ૧૩૦ | શ્રી નૈમિષારણીય શાળા |
| ૫. | સંસ્થાના બાળકોને દિવાળી નિમિત્તે પૌષ્ટિક આહાર આપવામાં આવ્યો હતો. | ૨૨૯ | ૨૨૭ | ૪૫૬ | શ્રી સેવા સત્કાર્ય ગ્રુપ |



# બાળકો માટેની અન્ય પ્રવૃત્તિઓ

સંસ્થા દ્વારા જરૂરિયાતમંદ બાળકોને શિક્ષણ આપવાની સાથે સાથે જીવન જરૂરિયાતની વસ્તુનું વિતરણ પણ કરવામાં આવે છે.

➤ **વર્ષ ૨૦૨૫ના ઓકટોબર મહિનામાં બાળકોને જીવન જરૂરિયાતની વસ્તુઓનાં વિતરણની યાદી અને દાતાશ્રીઓના નામ નીચે મુજબ છે.**

| ક્રમ | પ્રસંગનું નામ | બાળકોની સંખ્યા | | | દાતાશ્રી નું નામ |
|---|---|---|---|---|---|
| | | M | F | T | |
| ૧. | શ્રી નિત્યરાજ જાડેજાના જન્મ દિવસ નિમિત્તે સંસ્થાના બાળકોને લંચબોકસ આપવામાં આવ્યા હતાં. | ૨૨૬ | ૨૨૩ | ૪૪૯ | શ્રી ઋતુરાજસિંહ જાડેજા |
| ૨. | સંસ્થાના બાળકોને સ્ટેશનરીનું વિતરણ કરવામાં આવ્યું હતું. | ૬૬ | ૬૪ | ૧૩૦ | શ્રી નૈમિષારણીય શાળા |
| ૩. | સંસ્થાના બાળકોને કપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. | ૬૬ | ૬૪ | ૧૩૦ | શ્રી નૈમિષારણીય શાળા |

## ➤ ઓકટોબર માસમાં સંસ્થાની મુલાકાતે આવેલ મુલાકાતીઓની યાદી

| ક્રમ | મુલાકાતીઓનું નામ |
|---|---|
| ૧. | શ્રી વિજયભાઈ પાનવાળા<br>શ્રી વર્ષાબેન પાનવાળા<br>શ્રી હેતલબેન શાહ |
| ૨. | શ્રી કિંજલબેન<br>શ્રી ઉષાબેન<br>શ્રી સંજયભાઈ |
| ૩. | શ્રી વિરભદ્રસિંહ જાડેજા<br>શ્રી ઋતુરાજસિંહ જાડેજા<br>શ્રી પ્રતિપાલસિંહ જાડેજા |
| ૪. | શ્રી ચિરાગભાઈ શાહ<br>શ્રી સેવા સત્કાર્ય ગ્રુપ |

## નવેમ્બર-૨૦૨૫ના સૂચિત કાર્યક્રમો

| તારીખ | |
|---|---|
| ૦૧ નવેમ્બર ૨૦૨૫ | સંસ્થા અને શાળાના બાળકોનું પરિણામ. |
| ૦૩ નવેમ્બર ૨૦૨૫ | દિવાળી વેકેશન પૂર્ણ. |
| ૦૪ નવેમ્બર ૨૦૨૫ | ગુરૂનાનક જયંતિની ઉજવણી. |
| ૦૫ નવેમ્બર ૨૦૨૫ | દેવ દિવાળીની ઉજવણી. |
| ૧૧ નવેમ્બર ૨૦૨૫ | સ્વ. માલતીબેન ગીલની પૂણ્ય તિથિ નિમિત્તે શ્રદ્ધાંજલી કાર્યક્રમ. |
| ૧૪ નવેમ્બર ૨૦૨૫ | બાળ દિવસની ઉજવણી. |
| ૨૨ નવેમ્બર ૨૦૨૫ | સર્વાંગી વિકાસલક્ષી પ્રવૃત્તિ. |
| ૨૯ નવેમ્બર ૨૦૨૫ | સર્વાંગી વિકાસલક્ષી પ્રવૃત્તિ. |

















## આપને સહભાગી થવા નિમંત્રણ:

તકવંચિત બાળકો પ્રત્યેની જવાબદારીની આ યાત્રા આપણો એક નમ્ર પ્રયત્ન છે. મર્યાદાઓ અને પડકારો અનેક છે, પરંતુ આપ સૌની શુભેચ્છાઓ અને સક્રીય સહયોગ અમારા માટે પ્રેરણારૂપ બની રહેશે.

સંસ્થાની વધતી જતી પ્રવૃતિઓ અને વધતા જતા વ્યાપ અને વિસ્તરણ માટે એ બાબત સ્વાભાવિક જ છે કે એ માટે સંસ્થાનું ભંડોળ વધે. આના માટે ઉદાર દાતાઓની સખાવત અમારા માટે નવું પ્રેરણાબળ પુરું પાડશે. દાન, અનુદાન દ્વારા આપ પણ આ સંસ્થાના સેવાકીય વિકાસ સાથે જોડાઓ તેવી અમારી વિનમ્ર અપીલ છે. સંસ્થા સંપુર્ણપણે આવા દાન દ્વારા જ વધુ વિકસશે. તેને દરિદ્રનારાયણોની સેવામાં વધુમાં વધુ આગળ વધવાની તક મળશે.

**સંસ્થાને અપાતી આર્થિક સહાય ૮૦(જી) હેઠળ કરમુકત છે.**

**80(G) No.: DIT(E)/80G(5)/351/SF/2015-16, Dt. 21-01-2016**
**PAN No.: AAPTS4988N**

**બેંકની વિગત**

Sneha Foundation
IDBI Bank Account No. : 0071104000438575
IFS Code : IBKL0000071
UPI ID : 1000200723000011.9328283281@idbi

**UPI QR CODE**

**આ સેવાયજ્ઞમાં જોડાવા માટે આપ અમારો સંપર્ક કરો:**


૯૩૨૮૨૮૩૨૮૧ - ૯૫૮૬૯૮૬૩૨૧૮ - ૯૫૧૦૮૮૯૯૦

snehafoundation1709@gmail.com

www.snehafoundation.co.in

Snehafoundation Trust

Snehafoundation Trust

Snehafoundation Trust


**નોંધઃ- કોર્પોરેટ કંપનીના CSR ફંડ માંથી દાન સ્વીકાર્ય છે.**

**સંકલન :- વિરલ ગીલ, વિમલ વાઘેલા**